સાહિત્યસેવા

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

સાહિત્યસેવા*

સાહિત્ય સાધન છે, સાધ્ય નથી

હું સાહિત્યસેવી નથી; સાહિત્યોપાસક પણ નથી. સાહિત્યપ્રેમી જરૂર છું. મેં સાહિત્યનો આસ્વાદ લીધો છે. એની અસર મારા પર થઇ છે. મેં જોયું છે કે સાહિત્ય બુદ્ધિને પ્રગલ્ભ કરે છે, લાગણીઓને સૂક્ષ્મ બનાવે છે, અનુભવને પીંજીને વિશદ કરે છે, ધર્મબુદ્ધિને જાગૃત કરે છે, હૃદયની વેદના વ્યક્ત કરે છે, સમભાવ કેળવે છે અને આનંદને સ્થાયી કરે છે. એટલે સાહિત્ય પ્રત્યે મારા મનમાં આદર છે. પણ મેં મારી નિષ્ઠા સાહિત્યને અર્પણ કરી નથી. સાહિત્યને હું મારી ઇષ્ટદેવતા ગણતો નથી. સાહિત્યને સાધન તરીકે જ સ્વીકારૂં છું; અને એ સાધન તરીકે જ રહે એમ — મને માફ કરશો તો કહું કે — ઇચ્છું પણ છું. તુલસીદાસના મનમાં હનુમાન પ્રત્યે આદર હતો, પણ એની નિષ્ઠા તો શ્રીરામચંદ્ર પ્રત્યે જ હતી. તેવી રીતે આપણી

---

* તા. ૧૬ મી સપ્ટેમ્બર, '૨૮ને રોજ સુરત સાહિત્યમંડળના વાર્ષિક ઉત્સવ પ્રસંગે શ્રી. કાકાસાહેબ કાલેલકરે આપેલું વ્યાખ્યાન

ઉપાસના જીવનની જ હોય. સાહિત્ય એ જીવનરૂપી પ્રભુની સેવા કરનાર અનન્યનિષ્ઠ ભક્તને ઠેકાણે શોભે. એ જ્યારે પોતાની જ ઉપાસના શરૂ કરે છે ત્યારે એ પોતાનો ધર્મ ભૂલી જાય છે. માણસ પોતાના જ સુખનો વિચાર કરે, પોતાની જ સગવડો શોધવા પાછળ પોતાની બુદ્ધિ ખરચી નાંખે, અને પોતાના આનંદમાં જ પોતે રમમાણ થાય, ત્યારે જેમ તેનો જીવનવિકાસ અટકે છે અને તેનામાં વિકૃતિ પેદા થાય છે, તેવી રીતે સાહિત્યનું પણ છે. સાહિત્યને ખાતર સાહિત્ય જ્યારે પેદા થાય છે, એટલે કે લોકો જ્યારે સાહિત્યની કેવળ સાહિત્ય તરીકે જ ઉપાસના કરે છે ત્યારે શરૂઆતમાં તો એ બધું રૂપાળું થાય છે, વધારે આકર્ષક થાય છે, એની જૂની પુણ્યાઇ ખૂટે નહિ ત્યાં સુધી એનો ભારે વિકાસ થતો હોય એમ પણ લાગે, પણ એ નિઃસત્ત્વ થતું જાય છે. સાહિત્યને એનું પોષણ સાહિત્યમાંથી નહિ પણ જીવનમાંથી, માણસના પુરુષાર્થમાંથી મળવું જોઇએ. સાહિત્યમાંથી જ પોષણ મેળવનાર સાહિત્ય કૃત્રિમ છે, તે આપણને આગળ ન લઇ જઈ શકે.

સાહિત્ય એટલે શું?

એવા કંઇક 'સંકુચિત' અથવા આકરા વિચારો ધરાવતો હોવાથી કેવળ સાહિત્યના ઉપાસકોથી હું ડરું છું. તેમનો દેવ જુદો છે, મારો દેવ જુદો છે. પણ સાહિત્યોપાસકો બહુ ઉદાર છે. હું સાહિત્યોપાસક નથી છતાં તેઓ સ્વીકારે છે કે 'અવિધિપૂર્વકમ્' ભલે હોય પણ હું સાહિત્યની જ ઉપાસના કરું છું, કેમકે હું 'શ્રદ્ધયાન્વિત' છું. એટલે જ સાહિત્ય વિષેના મારા કેટલાક વિચારો આપની સમક્ષ

રજુ કરવાની ધૃષ્ટતા કરૂં છું. આપ સૌની ઉદારતા પર મારો વિશ્વાસ છે.

માણસના વિચારો, ભાવનાઓ, લાગણીઓ અથવા લાગણીપ્રધાન અનુભવો બીજા આગળ અસરકારક રીતે વ્યક્ત કરવાની શક્તિ જે વસ્તુમાં છે તે સાહિત્ય, એ મારા પૂરતી સાહિત્યની વ્યાખ્યા છે. તાર્કિકો એક ક્ષણમાં એને પીંખી શકે એમ છે એ જાણું છું. પણ અપૂર્ણ માણસે કરેલી વ્યાખ્યાઓ અપૂર્ણ હોય તો તેમાં નવાઇ શી? જેનામાં લાગણીઓ પર અનાયાસે અસર પાડવાની શક્તિ છે તે સાહિત્ય. ચેપીપણું એ સાહિત્યનો પ્રધાન ગુણ છે.

સાહિત્યની શુદ્ધિ

એ અસર સારી પણ હોય અને નઠારી પણ હોય. લાગણીઓ એ મનુષ્યજીવનનું લગભગ સર્વસ્વ હોવાથી એમના પર જે વસ્તુની અસર થાય છે તે વસ્તુ તરફ આપણે બેદરકાર રહ્યે પાલવે એમ નથી. હવા, પાણી, ખોરાક, વગેરે શુદ્ધ રાખવાનો આપણે જેમ આગ્રહ રાખીએ છીએ, અથવા રાખવો જોઇએ, તેમ અને તેથીયે વધારે સાહિત્યની શુદ્ધિ વિષે આપણો આગ્રહ હોવો જોઇએ. શિયળની જેમ જ્યાં સાહિત્યને સચવાય છે ત્યાં જીવન પવિત્ર, પ્રસન્ન અને પુરુષાર્થી થવાનું જ. ઉચ્ચારશુદ્ધિ, જોડણીની શુદ્ધિ, વ્યાકરણશુદ્ધિ, વગેરે પ્રાથમિક વસ્તુથી માંડીને સાહિત્યના એકેએક અંગપ્રત્યંગમાં શુદ્ધિનો આગ્રહ હોવો જોઇએ. માત્ર એમાં કૃત્રિમતા ન આવે, વરણાગીપણું ન આવે, દંભ ન આવે, કર્મકાંડ ન આવે.

નિર્વ્યાજ મુગ્ધતા એ શુદ્ધિનું એક પાસું છે, અને સંસ્કારિતા એ બીજું પાસું છે. બંને રીતે શુદ્ધિ જળવાય. પણ જો આપણે શિથિલતાના જ હિમાયતી થઇ જઇશું અને જો દરેક જાતની વિકૃતિને પણ દરગુજર કરવા આપણે તૈયાર થઇ જઇશું, જો સામાજિક જીવનમાં સદાચારનો તેમજ સાહિત્યમાં શુદ્ધિનો જે કોઇ થોડો પણ આગ્રહ રાખે તેની સામે કકળાણ મચાવીને એને ઠેકાણે પાડવાનો પ્રયત્ન કરીશું, તો તેથી સમાજનું પારાવાર નુકસાન થવાનું છે. સામાજિક જીવનમાં શું કે સાહિત્યમાં શું, શુદ્ધિ જાળવવાની જવાબદારી વિશિષ્ટ શ્રેષ્ઠ વર્ગની જ હોય છે. પોલિસો દ્વારા કે કોર્ટો દ્વારા સામાજિક સદાચારનો સર્વોચ્ચ આદર્શ ટકાવવાનો નથી, તેમ સાહિત્યનું પણ છે. સમાજના સ્વાભાવિક આગેવાનો જ્યારે શિથિલ થાય છે, ભીરુ થાય છે, અથવા ઉદાસીન થાય છે ત્યારે સમાજને બચાવનાર કોઇ પણ શક્તિ રહેતી નથી.

એ ખરું છે કે સાહિત્યની પ્રવૃત્તિ હમેશાં સમાજસેવાને અંગે જ થાય છે એમ નથી. માનસિક આનંદ, સમાધાન, મૂંઝવણ અથવા વ્યથા પ્રગટ કરવાની, શબ્દબદ્ધ કરવાની માણસમાં જે સહજ વૃત્તિ છે તેમાંથી સાહિત્યનો ઉદ્‌ગમ છે; સંગીતની પેઠે સાહિત્યનો આનંદ પણ માણસ એકલોએકલો લઇ શકે છે; છતાં વાગ્વ્યાપાર એ સામાજિક જીવનને અંગે છે. સાહિત્યની પ્રવૃત્તિ મુખ્યત્વે પોતાના લાગણીપ્રધાન મનન અથવા ઉદ્‌ગારને બીજામાં સંક્રાન્ત કરવાની ઇચ્છાથી થાય છે. તેથી સાહિત્ય એ મુખ્યત્વે સામાજિક વસ્તુ છે એમ કહી શકાય. જીવનની બધી

જ સારી વસ્તુની માફક સાહિત્ય આત્મનેપદી પણ છે, અને પરસ્મૈપદી પણ છે. માણસના સર્વોચ્ચ સદ્ગુણો એના સામાજિક જીવનમાંથી ઉદ્ભવે છે. અન્યનિરપેક્ષ મોક્ષેચ્છા પણ આત્મૌપમ્ય માટે જ છે; એટલે કે એનાં શરૂઆત અને અંત સામાજિક જીવનની કૃતાર્થતા સાથે જ છે. સાહિત્ય વિષે પણ એમ જ કહી શકાય. ગાયન સાથે જેમ તંબુરાનો ધ્વનિ તાન પૂર્યાં જ કરે છે તેમ સાહિત્યના તમામ વિસ્તારમાં પ્રજાહિત, પ્રજાકલ્યાણનો સૂર કાયમ રહેવો જોઇએ. જે કંઇ એનાથી વિસંવાદી હોય તે સંગીત નથી, પણ કોલાહલ છે. તે સાહિત્ય નથી, પણ માનસિક ઝેર છે.

સાહિત્યનું વ્યક્તિત્વ

એકવાર હિંદુસ્તાનના ઐતિહાસિક પુરુષોની યાદીમાં મેં ભગવદ્ગીતાનું નામ પણ ઉમેર્યું હતું. જેના વ્યક્તિત્વની છાપ સમાજ ઉપર જુદેજુદે વખતે જુદીજુદી રીતે પડે છે, અને તેથી જેના જીવંતપણાનો અનુભવ હમેશાં થાય છે તે વ્યક્તિ અથવા પુરુષ, એવી વ્યાખ્યા કરીએ તો ભગવદ્ગીતાને રાષ્ટ્રપુરુષ કહેવામાં ઔચિત્યનો ભંગ નથી, એમ માની શકાય. સાહિત્ય વિષે પણ એમ જ છે. સાહિત્ય એક યા બીજી રીતે સામર્થ્ય પ્રગટ કરનાર વ્યક્તિનું હૃદયસર્વસ્વ હોવાથી વ્યક્તિની અસર જેવી એની પણ અસર હોય છે. પ્રભુ, મિત્ર અથવા કાંતા સાથે સાહિત્યને સરખાવનાર સાહિત્યાચાર્યે એ જ વસ્તુ જુદી રીતે કહી છે. પ્રભુને ઠેકાણે આપણે આજે 'ગુરુ' શબ્દ વધારે પસંદ કરીએ. ગુરુ, મિત્ર અને જીવનસહચરી—ત્રણે સંબંધ પવિત્ર છે, ઉદાત્ત છે. સાહિત્યનું બિરદ એવું જ હોવું જોઇએ. સામાજિક વ્યવહારમાં આપણે ગમે તે

માણુસને ઘરમાં પેસવા નથી દેતા. ચોર, શઠ, પિશુન, ભુજંગની કોટિના લોકોને આપણે ઉમરાની અંદર પગ મૂકવા નથી દેતા. સાહિત્ય ઉપર પણ આપણી એવી ચોકી હોવી જોઇએ; અને તે આપણી પોતાની જ હોવી જોઇએ. અપવિત્ર માણસ ગમે તેટલો વિવેકી હોય તોપણ જેમ આપણાં છોકરાં જોડે આપણે તેને છૂટથી ભળવા નથી દેતા, તેમ જ પાપાચરણને ઉત્તેજન આપનાર સાહિત્યને પણ આપણે આપણા ઘરમાં પેસવા ન દેવું જોઇએ. અને ઘરબહારના વ્યવહારમાં જ્યાં બધી જાતના લોકો જોડે સંબંધ પડે છે ત્યાં ભલાબૂરાને પારખવાની કળા જેમ આપણે આપણાં બાળકોને અર્પણ કરીએ છીએ, અને અતિપ્રસંગી માણુસને દૂર રાખવાનું શીખવીએ છીએ, તેમ સાહિત્યમાં પણ દુષ્ટ સાહિત્યના હાવભાવમાં ન ફસાતાં તેને દૂર રાખવાનું બાળકોને શીખવવું જોઇએ.

આજનો પવન

પણ આજનો પવન એ જાતનો નથી એ હું જાણું છું. શિષ્ટાચારની જૂની વાડો તોડવાનો જ પ્રયત્ન આપણે કરતા આવ્યા છીએ. એને ઠેકાણે નવા આદર્શની નવી મર્યાદાઓ તૈયાર કરવાનું આપણને સૂઝ્યું નથી. કૃત્રિમ કે યાંત્રિક વાડોની હિમાયત હું પણ નથી કરતો. પણ સમાજહૃદયમાં કાંઇક આદર્શ તો હોવો જ જોઇએ. અને એ આદર્શ જાળવવાનો આગ્રહ રાખનાર સમાજધુરીણો પણ જોઇએ છે. તેઓ જો પોતાનું આ સ્વભાવસિદ્ધ કર્મ છોડી દે તો સંસ્કૃતિ શી રીતે ટકે? સંસ્કૃતિ એ સગડીના દેવતાની પેઠે પવન ચાલે ત્યાં સુધી જ ટકનારી વસ્તુ છે. પુરુષાર્થ અને જાગૃતિની ધમણ

વગર એકે સંસ્કૃતિ ટકી નથી. સંસ્કૃતિને કુદરત ઉપર ન જ છોડી શકાય. પણ આજે તો આપણે સામાજિક અરાજક જ જાણે પસંદ કરતા હોઇએ એમ લાગે છે. જૂની વ્યવસ્થા ટકી ન જ શકે એ દેખીતી વાત છે; ન ટકવી જોઇએ. પણ જૂનીને ઠેકાણે નવી વ્યવસ્થા રચવા જેટલું પ્રાણબળ આપણા સમાજમાં હોવું જોઇએ.

કેવો અંકુશ?

કાયદાના અંકુશની વાતો હું નથી કરતો. સાહિત્ય ઉપર કાયદાનો અંકુશ ઓછામાં ઓછો હોવો જોઇએ એમ જ હું માનું છું. સદાચારની સર્વોચ્ચ કોટિનો વિચાર કરીને કાયદો ચાલતો નથી. કાયદાની આંખો સ્થૂળ હોય છે, જડ હોય છે; અને એના ઉપાયો અસંસ્કારી હોય છે. સાહિત્ય ઉપર અંકુશ હોવો જોઇએ લોકમતનો, લોકમતનો એટલે સંસ્કારી, ઉદાર, ચારિત્ર્યવત્સલ સમાજધુરીણોનો. આવું કશું કરવાને આજનો સમાજ તૈયાર નથી એ હું નથી જાણતો એમ નથી. પણ સમાજ એથી પોતાનું જ નુકસાન કરે છે એમ કહ્યા વગર છૂટકો નથી. नैको मुनिर्यस्य वचः प्रमाणम् એ દલીલ તળે આપણે તમામ મર્યાદાઓનો છેદ તો ઉડાડવો નથી ને?

સાહિત્ય એ કળાનો જ એક વિભાગ છે. એટલે કળાના નિયમો એને પણ લાગુ પાડીએ છીએ. કળા માટે જ કળા છે, કળા બાહ્ય કોઇ વસ્તુનો અંકુશ સ્વીકારે નહિ, એમ કહેનારા કેવળકળાવાદીઓ નીતિના અંકુશની હમેશાં ઠેકડી કરતા આવ્યા છે. 'સ્વાત્મનિ એવ સમાપ્ત મહિમા' એવી એ કેવળ કળા જોતજોતામાં નિરર્ગલ સ્વાર્થી બની જાય છે.

અને સ્વાર્થ સાથે સત્ત્વ ક્યારે ટક્યું છે? Art for Art's sake ની પરિણતિ Art for Artist's sake માં છે.

કળા અને સાહિત્ય

કળાએ નીતિનો અંકુશ સ્વીકારવો જ જોઇએ એવો મારો આગ્રહ નથી. પણ એનું કારણ જુદું છે. સાહિત્ય પાસે પોતાનું ગાંભીર્ય, પ્રસન્નતા અને પવિત્રતા કેમ ન હોય? વિનોદ એ કંઇ આ ત્રણેનો વિરોધી નથી. ઉલટું વિનોદ આ ત્રણેને ઉચ્ચ કોટિએ પહોંચાડી બતાવી શકે છે. સાહિત્ય જો સ્વધર્મ પાળે તો એને નીતિનો અંકુશ સ્વીકારવો ન પડે. સાહિત્ય જ્યારે હીન અભિરુચિ અને કલાશત્રુ વિલાસિતાના પીઠામાં જઇને પડે છે ત્યારે જ નીતિને લાચારીથી એને ત્યાંથી ઊઠાડી ઘેર આણવી પડે છે. સદાચારી અને સ્વયંશાસિત નાગરિકોને નગરરક્ષકોથી બીવાનું કારણ રહેતું જ નથી.

પણ કળા અને સાહિત્ય એક જ વસ્તુ નથી. સુંદરતા એ સાહિત્યનું ભૂષણ છે, પણ સાહિત્યનું સર્વસ્વ નથી. સાહિત્યનું સર્વસ્વ, સાહિત્યનો પ્રાણ એ ઓજસ્વિતા છે. વિક્રમશીલતા છે, સત્ત્વવૃદ્ધિ છે. જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં પૌરુષ વધારવામાં જ સાહિત્યની ઉન્નતિ રહેલી છે.

શું વિષયસેવન સમાજમાં એટલું ક્ષીણ થઇ ગયું છે કે વિલાસપ્રેરક સાહિત્ય દ્વારા તેને ઉત્તેજન આપવાની જરૂર હોય? સમાજની જેમ સાહિત્યને પણ દેહધારીના નિયમોને વશ થઇને ઉચ્ચાવચ સ્થિતિઓ ભોગવવી પડે છે. જ્યારે સમાજનો સંપૂર્ણ ઉત્કર્ષ થઇ ચૂક્યો હોય, તેને અંગે આવતી સમૃદ્ધિનો પણ થાક ચઢ્યો હોય, તે વખતે ભલે સમાજ વિલાસિતામાં

દૂબી સર્વસ્વ ખોવા તૈયાર થઇ જાય. પણ પતિત સમાજ જ્યારે માણસજાતિ ઉપર આવતી બધી જ આપત્તિઓનું દુર્દૈવી સંગ્રહસ્થાન બન્યો હોય, કરોડો ભૂખે નહિ તો નિરાશાથી પીડાતાં હોય, પુરુષાર્થની જ્યાં ત્યાં ઓટ જ દેખાતી હોય, અને ચોમાસાની કાળી રાત જેવું અજ્ઞાન ચોમેર ફેલાયું હોય, એવે વખતે તો હૃદયની દુર્બળતા વધારનાર, નામર્દ વાસનાઓને રૂપાળી કરી બતાવનાર, અને અનેક હીન વૃત્તિઓનો બચાવ કરનાર હત્યારૂં સાહિત્ય પેદા ન કરીએ. ચઢતાં પહેલાં જ પડવાની તૈયારી કેવી?

સિંહાસનબત્રીસી અને મડાપચીસીના વાતાવરણમાંથી આપણે માંડ ઊગર્યા છીએ. તો એ જ વાતાવરણની સુધરેલી અને ઠાવકી આવૃત્તિઓ કાઢીને શું આપણે ચઢી શકવાના હતા? દુર્ગુણનું કલેવર રૂપાળું હોય, તેનો પોશાક પ્રતિષ્ઠિત હોય, એટલા પરથી તે ઓછો મારક નથી થતો, બલ્કે વધારે જ થાય છે.

આધુનિક સાહિત્યની કૃપણતા

આપણી સમાજવ્યવસ્થાની સુંદરતા ગમે તેટલી વર્ણવીએ, પણ આજે તેમાં એક ખામી તો સ્પષ્ટ દેખાય છે. એક જમાનામાં આપણે બધું સંસ્કૃતમાં જ લખતા. તેથી આપણા પ્રૌઢ અને લલિત વિચારો સામાન્ય સમાજને દુષ્પ્રાપ થયા હતા. પણ તે વખતે સંતકવિઓ અને કથાકીર્તનકારો એ બધો કિંમતી માલ પોતાના ગજા પ્રમાણે સ્વભાષાની ફુટકળ દુકાનોમાં સસ્તે ભાવે વેચતા. મોગલ સમયમાં ઉર્દૂની પ્રતિષ્ઠા વધી. અને આરબી ફારસી ભાષાઓમાંથી કવિઓને પ્રેરણા મળવા લાગી. અંગ્રેજી જમાનો શરૂ થયો, અને આપણો

બધો માનસિક ખોરાક અંગ્રેજીમાંથી આપણને લેવાની ટેવ પડી. એની સારીમાઠી અસર આપણી મનોરચના પર પડી છે; સાહિત્ય ઉપર તો પડી જ છે. આજકાલનાં આપણાં છાપાં અને માસિકો નવા જમાનાના વિચારો છૂટક ભાવે વેચવાનું કામ કરવા લાગ્યાં છે. પણ આ ત્રણે યુગમાં ગરીબવર્ગને માટે, ખેડૂતો અને મજૂરોને માટે, સ્ત્રીઓ માટે અને બાળકો માટે વિશેષ પ્રયાસ થયો નથી. અશિક્ષિત સમાજમાં પણ સામાજિક પ્રાણ કેટલુંક સાહિત્ય પેદા કરે છે. આપણા સંસ્કારી દેશમાં સાધુસંતોની કૃપાથી તેમાં અમુક ઉમેરો થયો તેથી આશ્ચર્ય પામવાનું કારણ નથી. પણ આપણે મુખ્યત્વે મધ્યમવર્ગનો જ હમેશ વિચાર કરતા આવ્યા છીએ. ગરીબ લોકોનું જીવન શાંતિમય, આશામય અને સંસ્કારમય કરવાની ધાર્મિક ફરજ આપણી છે એ આપણે ભૂલ્યા છીએ. 'ધૂમકેતુ' કે 'દ્વિરેફ' જેવા લેખકોની મૂઠી બે મૂઠી વાર્તાઓ છોડી દઇએ તો આપણી વાર્તાઓ અને નવલકથાઓમાં ગરીબોના કરુણ કાવ્યમય જીવનનો વિચાર સરખો નથી હોતો. પુરાણકારોએ જેમ અમૃત, અપ્સરા અને અદેખાઇવાળું સ્વર્ગ કલ્પ્યું તેમ આજના નવલકથાકારો વકીલ બૅરિસ્ટર થયેલો, વિલાયત જઇ આવેલો, અથવા મૃત્યુપત્રથી જેને ખૂબ પૈસા મળ્યા છે એવો કોઇ નવરો માણસ કલ્પે છે; અને એના આત્મનિ સંતુષ્ટ એવા નિરર્થક જીવનનો વિસ્તાર વર્ણવે છે. જાતિભેદ આપણા મનોરથોમાં પણ એટલો બધો વ્યાપી ગયેલો છે કે મધ્યમવર્ગ બહારની દુનિયા આપણે જોઇ શકતા નથી. સાવ ગરીબ લોકોનું જીવન આપણને દયાપાત્ર પણ રહસ્યશૂન્ય લાગે છે. ઇસપના

પેલા સાબરની પેઠે આપણે માથા પરનાં શિંગડાંના અભિમાનમાં દૂબળાપાતળા પગનો તિરસ્કાર કરવા લાગ્યા છીએ; અથવા તિરસ્કાર જેટલુંયે ધ્યાન એમના તરફ આપતા નથી. કર્મ અને પુનર્જન્મના સિદ્ધાંતનો આશ્રય લઇ આપણે આપણો અનાથદ્રોહ ઢાંકીએ છીએ. અનાથોની સેવા તો કોરે રહી, એમનું સ્મરણ સરખુંયે આપણે નથી કરતા. અંગ્રેજ કવિ હૂડના 'Song of the shirt' ને તોલે આવે એવું મૌલિક કાવ્ય આજના જમાનાના સાક્ષરોમાંથી કોઇએ લખ્યું છે? ઇસપના સાબરની જે ગતિ થઈ એ જ ગતિ આપણી હમેશાં થતી આવી છે. અને હવે તો વિનાશ થવા બેઠો છે. આપણું લોકપ્રિય સાહિત્ય આપણી સામાજિક સ્થિતિ સૂચવે છે. હૈયે હોય તો જ હોઠે આવે ના! ગરીબોની હાડમારી ક્યાં છે, તેમનું દર્દ કયું છે, તેમનો સવાલ કેટલો વિકટ અને વિશાળ છે એનો જવાબદાર વિચાર કરી સવાલને તોલે આવે એવી યોજના હોય તો જ ગરીબોને કંઇક આશા આવે ને! જેની એરણ ચોરીએ તેને જ દાનમાં સોય આપતા હોઇએ ત્યારે તે લેતી વખતે લેનારના હાથમાં કેવી ભાવના હશે? આપણું સાહિત્ય જો આપણને આપણો યુગધર્મ ન બતાવે, અને તે ધર્મ પાળવાને આપણને ન પ્રેરે, તો તે બાકી બધી રીતે સરસ હોય તોયે વિફળ જ કહેવું જોઇએ.

ગરીબોને બહાર રાખવા માટે જેમ આપણે બંધબારણે જમીએ છીએ અને પંક્તિભેદનો પ્રપંચ રચીએ છીએ, તેવી જ રીતે આપણે સાહિત્યની વિશિષ્ટ શૈલીઓ કેળવીને જ્ઞાનની પરબોમાં જ્ઞાતિભેદ ઉત્પન્ન કર્યો છે. ઉદાત્ત, ઉન્નત

વિચારો આમપ્રજાને જે સહેલાઇથી મળવા જોઇએ તે નથી મળી શકતા. આપણા સાધુસંતોએ ગરીબાઇનું વ્રત લીધું તેથી જ તેઓ ગરીબોની સેવા કરી શક્યા, અને ગરીબો માટે પ્રાણપૂર્ણ સાહિત્ય લખી શક્યા. હિંદુસ્તાનનું મોટામાં મોટું બળ એની લોકસંખ્યામાં છે. પણ આપણે ગરીબોનો દ્રોહ કરી એ જ બળને બોજારૂપ કરી મૂક્યું છે. જ્યાં સુધી આપણે ગરીબોને માટે સાહિત્ય લખીએ નહિ, હજારોની સંખ્યામાં બહાર આવી ગરીબોને આપણો ઇતિહાસ અને આપણી આજની સ્થિતિ, આપણું કાવ્ય અને આપણો ધર્મ એની ખૂબીઓ સમજાવીએ નહિ, પોતાના જીવન પરની રાખ ખંખેરી તેને પ્રદીપ્ત કરવાની પ્રેરણા આપીએ નહિ ત્યાં સુધી આપણું સાહિત્ય પાંડુરોગી જ રહેવાનું.

સેવામાં સાહિત્ય

સાહિત્યની ઉન્નતિને અર્થે ઘડાતી યોજનાઓમાં કોષે અને સંદર્ભગ્રંથો, ઇતિહાસો અને વિવેચનો, પાઠ્ય પુસ્તકો અને પ્રમાણગ્રંથો, પરિષદો અને સમિતિઓ—કેટલુંયે હોય છે એ બધું છોડીને સાહિત્યના ઉદ્ધારને અર્થે ગરીબ પ્રજાની સેવા હું સૂચવું છું, એ જોઇને કેટલાકને થશે કે સાહિત્ય મંડળને સંસારસુધારા પરિષદ માનવાની ભૂલ કરીને હું વાતો કરૂં છું. ભલે એ આરોપ મારા પર આવે. પણ હું તો ચોક્કસ માનું છું કે ઝાડને પોષણ જેમ મુખ્યત્વે જમીનમાંથી જ મળે છે તેમ સાહિત્યનું પોષણ સમાજમાં જ રહેલું છે. માણસાઇ અને ધર્મનિષ્ઠામાંથી જ આપણું સાહિત્ય સમૃદ્ધ થવાનું છે એ વિષે મને શંકા નથી.

ઉપર વર્ણવેલી આજકાલની યોજનાઓને હું ઊતારી પાડવા નથી માગતો. એમાં યથાશક્તિ ભાગ પણ લેવા ઇચ્છું છું. પણ મુખ્ય વસ્તુ વિસાર્યે ચાલે એમ નથી.

જીવનની સુગંધ

જ્યાં પુરુષાર્થ ઓછો થયેલો હોય છે અને જીવનમાં શિથિલતા આવેલી હોય છે ત્યાં સાહિત્યની બાબતમાં અલ્પસંતોષ અને રસિકતાનું છીછરાપણું સ્વાભાવિકપણે આવી જાય છે. આજે આપણે મહાકાવ્યો લખી શકતા નથી, આપણી પ્રતિભા માંડ ચૌદ લીટી પૂરી કરતા પહેલાં જ ઓસરી જાય છે, એવી ટીકા હું નથી કરવા માગતો. કાવ્યની લંબાઇ પર હું વધારે ભાર નથી મૂકવા માગતો. પણ આપણા કાવ્યવિષયો ઉત્તુંગ અથવા ગભીર નથી હોતા એ ટીકા હું જરૂર કરૂં.

"સાહિત્ય એ મોટે ભાગે વ્યક્તિગત પ્રયાસ જ છે. તે જ્યાં સુધી ગભીર અને દીર્ઘ ઉદ્યોગના પરિણામરૂપ ન હોય ત્યાં સુધી છીછરૂં જ રહેવાનું. ઈશ્વરે અસાધારણ પ્રતિભા આપી હોય તોયે તે બીજરૂપ જ હશે. માણસે ઓછામાં ઓછું માળીનું કામ તો ઇમાનદારીથી કરવું જ જોઇશે. સાહિત્યમાં સહકારથી કામ કર્યા વગર પણ હવે ચાલવાનું નથી. સહકારને માટે જે સદ્ગુણો આવશ્યક છે તે કેળવ્યા વગર હવે એક ડગલું પણ આગળ ભરવું મુશ્કેલ છે. સિદ્ધાંતનો આગ્રહ અને સ્વભાવભેદ દરગુજર કરવાની શક્તિ, વિગતોમાં ઊતરવાની ઝીણવટ અને એક જ સંકલ્પને લાંબા વખત સુધી વળગી રહેવાની દૃઢતા એ સામાજિક સદ્ગુણો આપણે ન ખીલવીએ તો ઝાઝી સાહિત્યસેવા ન જ થઈ શકે.

પણ એ તો થઇ સાહિત્યની સેવા. પણ સાચા સાહિત્યની નિર્મિતિ પ્રજાના પુરુષાર્થનું જ ફળ છે. 'કારભારમાં બોલવાપણું ન હોય તો કરભાર આપવાપણું પણ ન હોય' એ જગવિખ્યાત સૂત્ર પાછળ સાચી લહેજત ભાષાસૌષ્ઠવ અથવા અનુપ્રાસની નથી. એમાં લહેજત છે તેના કરતાં અમેરિકન પ્રજાનો પુરુષાર્થ એ જ મુખ્ય વસ્તુ છે. સાહિત્યન[illegible]ન્નતિ પ્રજાની ઉન્નતિ સાથે જ થાય છે. આપના જિલ્લ[illegible] ખેડૂતોએ ગુજરાતી ભાષામાં જે ઉમેરો કર્યો છે તે આ[illegible] ચાર પરિષદો પણ ન કરી શકે. 'અમે વલ્લભભા[illegible] હાથમાં અમારૂં શિર સોંપ્યું છે, નાક નથી સોંપ્યું,' એ વ[illegible] માટે ગુજરાતી ભાષા હમેશાં મગરૂર રહેશે. 'અમારે ખ[illegible] બંદુકો અને તોપો રાખે છે પણ કદી બતાવતા તો ન[illegible] અમારાં બાળકોને બંદુકો ને તોપોનો સ્વાદ ચખાડશે ઓલાદ તો સુધરશે.' એ એક જ વાકય ગુજરાતી ભા[illegible] વીર્યશાળી બનાવવા બસ છે. સાબરમતીને કાંઠે ગાંધીજી અને બારડોલીનાં ખેતરમાં વલ્લભભાઇએ જે ભાષા ઘડી તે ભાષા પોતાની સ્વાભાવિકતાથી જ ધીરોદાત્ત અને [illegible] બની છે. સાહિત્ય એ પ્રજાના પરાક્રમનો પ્રસાદ છે. [illegible] ડોસો મિશનરી ટેલર આપણને કહી ગયો છે: ય. **માષકસ્તથા ભાષા.** સાહિત્યની ઉન્નતિ કરવી હોય તો જીવન ઉન્નતિ કરીએ. સાહિત્ય એ જીવનની છાયા છે, જીવન સુગંધ છે.

સીપી, મોટ   ગણું પુરું પાડી આબરૂની ગુર્જરી કરે છે.

બોરતીએ પોતાની વહાલી કોમની (આ જરથોસ્તી મંડળીની) ગરીબ

ઓને હાથેજ સીવેલા તથા ધોએલા કપડા પહેરવામાં સુખ સમજવું કે.

આપણે બનતા સુધી હીંદમાં બનતોજ માલ—કાપડ, બુત, ગોદરેજના

વગેરે—ખરીદી સ્વદેશના વેપારને મદદ કરવી (સ્વદેશી સ્ટોર્સ, મ્યુનીસીપલ

ઓફીસ નજદીક, એસપલેનેડ મેદાન સામે, કોટ, મુંબઇ.)

જુવાનો માટે કસ્લો વાંધા ભરેલી તથા નુકશાનકારક ગણાવી જોઇએ

જુ... પીટીટ લાયબ્રેરી, હોર્નબી રોડ, કોટ, મુંબઇના સભાસદ થવું.

રોજ પંદર મીનીટ—ખાસ કરી નહેવારના દીવસોએ—દીકરા દીકરીઓને સાથે લઇ માબાપે ધર્મનીતીની ચોપડીઓ વાંચવી જેવી કે માબાપની સેવા, સાદી જીંદગી. (કરાણી બુકસેલર, વોરા બઝાર, કોટ, મુંબઇ.

Life of President Lincoln; "Great Thoug From Poverty to Power; by J. Allen; Living Te (Dr. J. Kellogg). 'Masterful Personality' etc. Marden). Madon Health Culture Depot, K Building, Opp: Chinoy Bros., Kalbadevi, Bomba

ફોર્ટ-ગઇડ પ્રીન્ટીંગ પ્રેસ, નં૦ ૧૯, બેંક સ્ટ્રીટ-ક્રોસ લેન, કોટ, મુંબઇ.